**અમદાવાદ(ગ્રામ્ય)ના મે.આઠમા જ્યુડી. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ.અમદાવાદ, મીરઝાપુર.**

**ફોજદારી કેસ નં.૮૬૬૯/૨૦૧૯**

**ફરિયાદી:–** **શ્રી સરકાર**

**વિ.**

**આરોપી:–** **સાગરભાઈ મનસુખભાઈ ચુડાસમા**

**<u>ગુન્હો: ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧) (બી)</u>**

**::<u>ચુકાદો</u>::**

આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનો આરોપ છે.

આરોપીને સમન્સ બજતા તેઓ અદાલત સમક્ષ હાજર થતા ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસની નકલો વિના મુલ્યે પુરી પાડેલ છે. આજરોજ સ્પેશીયલ સીટીંગમાં આરોપી હાજર હોઈ, આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ તેમના ગુનાની કબુલાત સ્વેચ્છાએ કરેલ છે, અને ગુન્હો કબુલ છે તેવુ જણાવેલ છે. આરોપીએ ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરેલ છે. જેને રેકર્ડ કરવામાં આવેલ છે. જેથી આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીની ગુનાની કબુલાતને ન માનવાનુ કોઈ કારણ નથી. અને તેણે દયાની માંગણી કરેલ છે. આરોપીનો આ પ્રથમ દર્શનીય ગુનો છે. અને આવો ગુનો ફરીય નહી કરવાની ખાતરી આપે છે , તથા પોતાની ભુલ સુધારવા માંગતા હોવાનુ જણાવે છે. ફરીયાદ પક્ષ તરફથી એવુ કોઈ રેકર્ડ રજુ થયેલ નથી. કે આરોપીએ અગાઉ કોઈ ગુનો કરેલ હોય, જેથી આરોપીનો પ્રથમ ગુનો હોવાનુ જણાય છે.

આવા સંજોગોમાં આરોપીની સામેનુ તહોમત અને સજાની જોગવાઈ તેમજ આરોપીની કબુલાત પુરસીસ અને તેઓની મૌખિક રજુઆત ધ્યાને લેતા, આરોપીની વિરુધ્ધ આ પ્રથમ પ્રકારનો ગુન્હો હોય, આજરોજ નેશનલ લોક અદાલતમાં સ્પેશીયલ સીટીંગનુ આયોજન કરેલ હોઈ તે ધ્યાને લેતા સદર કેસમાં આરોપીને ઓછામાં ઓછો દંડ કરવો ન્યાયોચિત જણાતુ હોઈ આરોપીને ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧) (બી) અન્વયે તકસીરવાન ઠેરવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ::–**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ –૨૪૧ મુજબ ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) હેઠળના શિક્ષાપાત્ર ગુનાના તહોમતમાં તકસીરવાન ઠરાવીનેઆરોપીને **રૂ.૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા)** દંડ તથા કોર્ટ ઉઠતા સુધી સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં જો આરોપી દંડની રકમ ન ભરે તો **દિન ૩(ત્રણ)** ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. ૧૨ માહે માર્ચ સને ૨૦૨૨ ના રોજ જાહેર કર્યો.

તા. ૧૨/૦૩/૨૦૨૨
મિરઝાપુર, અમદાવાદ.

**(કે.એસ.રાણા)**
આઠમાં એડીશનલ સિવિલ અને
જજ અને જ્યુડી. મેજી.ફ.ક.
અમદાવાદ (ગ્રામ્ય).